This Question Paper consists of **30** questions and **8** printed pages.
આ પ્રશ્નપત્રમાં **30** પ્રશ્નો અને **8** મુદ્રિત પાનાં છે.

| | |
|---|---|
| **Roll No.** **અનુક્રમાંક** | |

**Code No. 55/SS/O/GU**
**કોડ સં.**

**SET / સેટ – A**

# BUSINESS STUDIES
# વ્યાવસાયિક અધ્યયન
# (319-G)

**Day and Date of Examination** ______________________
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)**

**Signature of Invigilators** **1.** ______________________
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)**

**2.** ______________________

**General Instructions :**

**1** Candidate must write his/her Roll Number on the first page of the Question Paper.

**2** Please check the Question Paper to verify that the total pages and total number of questions contained in the Question Paper are the same as those printed on the top of the first page. Also check to see that the questions are in sequential order.

**3** Making any identification mark in the Answer-Book or writing Roll Number anywhere other than the specified places will lead to disqualification of the candidate.

**4** Write your Question Paper code No. **55/SS/O/GU-A** on the Answer-Book.

**સામાન્ય સૂચના :**

**1** પરીક્ષાર્થી પ્રશ્નપત્રના પ્રથમ પાના પર પોતાનો અનુક્રમાંક અવશ્ય લખે.

**2** કૃપયા તપાસી લેવું કે પ્રશ્નપત્રના કુલ પાનાં અને પ્રશ્નપત્રમાં કુલ પ્રશ્નોની સંખ્યા, પ્રથમ પાનામાં ઉપર જણાવેલી સંખ્યાથી સમાન હોય. તે પણ ચકાસી લેવું કે પ્રશ્નો ક્રમમાં છે.

**3** ઉત્તર પુસ્તિકામાં કોઈ પણ ચિહ્નો બનાવવા અથવા નિર્દિષ્ટ સ્થાનો સિવાય અન્ય કોઈ સ્થાન પર અનુક્રમાંક લખતા પરીક્ષાર્થીને અયોગ્ય જાહેર કરવામાં આવશે.

**4** ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **55/SS/O/GU-A** લખવી.

# BUSINESS STUDIES
# વ્યાવસાયિક અધ્યયન
# (319-G)

Time : **3** Hours ] [ Maximum Marks : **100**

**સમય : 3 કલાક** ] **[ અધિકતમ ગુણ : 100**

---

**Note :** (i) Attempt **all** questions.

(ii) Marks allotted are indicated against each question.

(iii) Each question from Question Nos. **1** to **10** has four alternatives - (A), (B), (C) and (D), out of which one is most appropriate. Choose the correct answer among the four alternatives and write it in your Answer Book against the Number of the question. No extra time is allotted for attempting multiple choice questions.

**નોંધ :** (i) બધા જ પ્રશ્નો અનિવાર્ય છે.

(ii) પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ આપવામાં આવેલ છે.

(iii) પ્રશ્ન સંખ્યા **1**થી **10**ના પ્રત્યેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો - (A), (B), (C) અને (D) આપેલ છે જેમાંથી એક સૌથી યોગ્ય છે. આપેલા ચાર વિકલ્પોમાંથી સાચા વિકલ્પની પસંદગી કરી, તમારી ઉત્તર પુસ્તિકામાં પ્રશ્ન સંખ્યાની સામે લખો. બહુવિકલ્પ પ્રશ્નોના ઉકેલ માટે કોઈ અતિરિક્ત સમય આપવામાં નહીં આવે.

---

**1** Which of the following general principles of management states that work should be assigned to a person for which he is best suited ? **1**

(A) Order (B) Equity

(C) Division of work (D) Remuneration

પ્રબંધ (વહીવટ)ના નીચેના સામાન્ય સિદ્ધાંતોમાંથી કયો સિદ્ધાંત નિવેદિત કરે છે કે વ્યક્તિને તે કામ સોંપવામાં આવે જેના માટે તે સૌથી વધુ યોગ્ય છે ?

(A) યોગ્ય વ્યવસ્થા (B) સમાનતા

(C) કાર્ય વિભાજન (D) મહેનતાણું

2 As per Taylor's techniques of scientific management, who ensures that output agrees to the standard of quality set by the planning department ? 1

(A) Speed Boss (B) Inspector

(C) Gang Boss (D) Time and Cost Clerk

ટેઈલરની વૈજ્ઞાનિક પ્રબંધની વિધિ અનુસાર, આયોજન વિભાગ દ્વારા સ્થાપિત ગુણવત્તાના ધોરણો મુજબ ઉત્પાદન છે કે નહીં તે કોણ નક્કી કરે છે ?

(A) ગતિ નાયક (B) નિરીક્ષક

(C) ટોળકી નાયક (D) સમય અને કિંમત ક્લાર્ક

3 It clearly indicates what is to be done and what is not to be done in a particular situation. 1

(A) Budget (B) Policy

(C) Method (D) Rule

આ સ્પષ્ટ રૂપથી નિર્દેશ કરે છે કે કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ અથવા શું ના કરવું જોઈએ.

(A) બજેટ (B) નીતિ

(C) પદ્ધતિ (D) નિયમ

4 Because of which of the following sources of recruitment the organization is deprived of the benefit of inducting fresh blood into its system ? 1

(A) Internal sources of recruitment

(B) External sources of recruitment

(C) Both internal and external sources of recruitment

(D) All the above

નીચેનામાંથી ભર્તીના કયા સ્રોતને કારણે સંગઠન પોતાની સંસ્થામાં નવલોહિયાને તેમના લાભથી વંચિત રહે છે ?

(A) ભર્તીનો આંતરિક સ્રોત

(B) ભર્તીનો બાહ્ય સ્રોત

(C) ભર્તીના બંને આંતરિક અને બાહ્ય સ્રોત

(D) ઉપરના તમામ

5 Deposits that can be withdrawn by the lender by giving a one day notice are called : **1**

(A) Call Deposits (B) Cash Credit

(C) Bank Overdraft (D) Trade Credit

એવી થાપણો જેને ધીરનાર વ્યક્તિ એક દિવસની નોટિસ આપીને પાછી કઢાવી શકે છે, તે કહેવાય છે :

(A) માંગ થાપણ (B) રોકડ શાખ

(C) બૅંક ઓવરડ્રાફ્ટ (D) વ્યાપારિક શાખ

6 SEBI was granted statutory recognition in the year : **1**

(A) 1956 (B) 1992

(C) 1932 (D) 2013

સેબી (SEBI)ને કયા વર્ષમાં કાનૂની માન્યતા પ્રાપ્ત થઈ ?

(A) 1956 (B) 1992

(C) 1932 (D) 2013

7 One who actually uses the product or service is called : **1**

(A) Customer (B) Consumer

(C) User (D) Buyer

જે ખરેખર ઉત્પાદન અથવા સેવાનો ઉપયોગ કરે છે તે કહેવાય છે :

(A) ગ્રાહક (B) ઉપભોક્તા

(C) ઉપયોગકર્તા (D) ખરીદનાર

8 The process of designing and producing appropriate container for the product is called : **1**

(A) Branding (B) Labelling

(C) Packaging (D) All the above

ઉત્પાદન માટે યોગ્ય કન્ટેનરની ડિઝાઈન કરવી તથા ઉત્પાદન કરવાની પ્રક્રિયાને કહે છે :

(A) બ્રાન્ડિંગ (B) લેબલિંગ

(C) પેકેજિંગ (D) ઉપરના તમામ

9 Individuals or institutions who complete all the formalities of loading the goods on the ship on behalf of exporters are called : **1**

(A) Indent Houses (B) Export Houses

(C) Clearing Agents (D) Forwarding Agents

જે વ્યક્તિઓ અથવા સંસ્થાઓ, નિકાસકર્તાના પક્ષ તરીકે જહાજમાં માલ ભરવા સંબંધી બધી કાર્યવાહી પૂરી કરે છે, કહેવાય છે :

(A) ઈન્ડેન્ટ હાઉસ (B) એક્સપોર્ટ હાઉસ (નિકાસ ગૃહ)

(C) ક્લિયરિંગ (માલ છોડાવનાર) એજન્ટ (D) ફોરવર્ડિંગ (માલ ભરાવનાર) એજન્ટ

10 Toys shop is an example of : **1**

(A) General Store (B) Speciality Store

(C) Single Line Store (D) All the above

રમકડાંની દુકાન, નીચેનામાંથી શેનું ઉદાહરણ છે ?

(A) જનરલ સ્ટોર (B) વિશિષ્ટ સ્ટોર

(C) એક જ પ્રકારની વસ્તુનો સ્ટોર (D) ઉપરના તમામ

11 How is management multi-disciplinary ? Explain. **3**

પ્રબંધ બહુઆયામી કેવી રીતે છે ? સમજાવો.

12 What is meant by directing ? **3**

નિર્દેશનનો શો અર્થ છે ?

13 What is meant by Medium Term Finance ? List the purposes for which medium-term finance is required. **3**

મધ્ય સત્રના નાણાં વિશે શું સમજો છો ? મધ્ય સત્રના નાણાંની જરૂરિયાત હોય એવા ઉદ્દેશ્યોની યાદી આપો.

14 Distinguish between advertising and sales promotion on the basis of **3**

(a) objectives;

(b) effect, and

(c) nature.

જાહેરાત અને વેચાણ વૃદ્ધિ વચ્ચે (a) ઉદ્દેશ્ય (b) અસરો અને (c) પ્રકૃતિના આધારે વિભેદિત કરો.

15 State any three types of services provided by retailers to wholesalers. **3**

છૂટક વેચાણકર્તાઓ દ્વારા જથ્થાબંધ વેપારીને આપવામાં આવતી કોઈ પણ ત્રણ પ્રકારની સેવાઓનો ઉલ્લેખ કરો.

16 State any four objectives of management. **4**

પ્રબંધ (વ્યવસ્થાપન)ના કોઈ ચાર ઉદ્દેશ્યોનો ઉલ્લેખ કરો.

17 Briefly describe the following types of plans : 4

(a) Objectives and (b) Budget.

યોજનાના નીચેના પ્રકારોનું સંક્ષિપ્તમાં વર્ણન કરો :

(a) ઉદ્દેશ્યો (હેતુઓ) અને (b) બજેટ.

18 'The main objective of financial management is to maximize the wealth of shareholders'. State the other important objectives of financial management. 4

'નાણાકીય પ્રબંધનો મુખ્ય હેતુ શેરધારકોના નાણાંને મહત્તમ કરવાનો છે.' નાણાકીય પ્રબંધના બીજા મહત્ત્વપૂર્ણ હેતુઓનો ઉલ્લેખ કરો.

19 Briefly explain the different types of goods classified on the basis of tangibility. 4

પાર્થિવતા (સ્પર્શીયતા)ના આધાર પર વર્ગીકૃત વિવિધ પ્રકારની વસ્તુઓને ટૂંકમાં સમજાવો.

20 What is meant by Internal Trade ? Name any four documents used in Internal Trade. 4

આંતરિક વ્યાપારનો શો અર્થ છે ? આંતરિક વ્યાપારમાં ઉપયોગમાં આવતા કોઈ ચાર દસ્તાવેજો (ડોક્યુમેન્ટ)નાં નામ આપો.

21 What is meant by 'Work study' ? Briefly describe the different types of studies included in this study. 5

'કાર્ય અધ્યયન (અભ્યાસ)'નો શો અર્થ છે ? આ અધ્યયન અંતર્ગત કરવામાં આવતાં વિવિધ અભ્યાસોનું ટૂંકમાં વર્ણન કરો.

22 How can employees be motivated ? Discuss. 5

કર્મચારિયોને કેવી રીતે પ્રેરિત કરી શકાય ? ચર્ચો.

23 'While preparing a financial plan for any business unit some aspects are kept in view so as to ensure its success in meeting the organizational objectives'. Briefly explain any five such aspects. 5

'કોઈ પણ વ્યવસાયિક એકમ માટે નાણાકીય આયોજન કરતી વખતે કેટલાક મુદ્દા ધ્યાનમાં રાખવામાં આવે છે, જેથી સંગઠનના હેતુઓ પૂર્ણ કરવામાં સફળતા મળે.' આવા કોઈ પાંચ મુદ્દાઓને ટૂંકમાં સમજાવો.

24 'The marketing concept is characterized according to the philosophy of the producer.' Briefly describe such philosophies. 5

''માર્કેટિંગનો ખ્યાલ ઉત્પાદકની ફિલોસોફી (તત્ત્વજ્ઞાન) પ્રમાણે લાક્ષણિક છે.'' આવી કેટલીક ફિલોસોફીને ટૂંકમાં સમજાવો.

25 'For redressal of consumer grievances a complaint must be filed with the appropriate forum'. Who can file the complaint under Consumer Protection Act 1986 ? **5**

'ઉપભોક્તા (ગ્રાહક)ઓની ફરિયાદોના નિવારણ માટે ફરિયાદ યોગ્ય ફોરમમાં નોંધાવવી જોઈએ.' ગ્રાહક સુરક્ષા કાયદો, 1986 મુજબ ફરિયાદ કોણ દાખલ કરી શકે છે ?

26 'Without proper coordination human efforts may get jeopardized and objectives may not be achieved.' Do you agree ? Give any six reasons in support of your answer. **6**

યોગ્ય સંયોજન (સમન્વય) સિવાય માનવીય પ્રયત્નોને પૂર્ણ લાભ મળતો નથી અને સંસ્થાના હેતુઓની યોગ્ય રીતે પ્રાપ્તિ થઈ શકતી નથી.'' શું તમે સહમત છો ? તમારા ઉત્તરના સમર્થનમાં કોઈ છ કારણો આપો.

**OR / અથવા**

The three levels of management taken together form the 'hierarchy of management'. Explain this hierarchy with the help of an example.

પ્રબંધનાં ત્રણ સ્તરો 'પ્રબંધનું સોપાન (હાયર્કી)' રચે છે. આ સોપાન (હાયર્કી)ને એક ઉદાહરણ (આકૃતિ)ની મદદથી સમજાવો.

27 Briefly explain the steps in the planning process. **6**

આયોજન પ્રક્રિયાના તબક્કાઓને ટૂંકમાં સમજાવો.

**OR / અથવા**

With the help of a diagram, explain briefly the steps in the process of control.

નિયંત્રણ પ્રક્રિયાના તબક્કાને એક આકૃતિની મદદથી ટૂંકમાં સમજાવો.

28 'The amount of working capital required varies from business to business and from period to period'. In the light of the statement briefly describe the factors that affect the working capital requirement of an enterprise. **6**

'કાર્યશીલ મૂડીની જરૂરિયાત, વ્યવસાયથી વ્યવસાય તથા એક સમયગાળાથી બીજા સમયગાળામાં અલગ-અલગ હોય છે.' આ વિધાનને ધ્યાનમાં રાખીને કોઈ એક સાહસની કાર્યશીલ મૂડીની આવશ્યકતાને અસર કરતાં પરિબળોનું ટૂંકમાં વર્ણન કરો.

**OR / અથવા**

'The dividend to be paid to equity shareholders is the real issue involved in dividend decision by the management of any company.' Briefly explain any six factors that guide such decision.

''કોઈ કંપનીના પ્રબંધકો દ્વારા ઈક્વિટી શૅરહોલ્ડરો (સમતા શૅરધારકો)ને ચૂકવવાના ડિવિડન્ડનો નિર્ણય, ડિવિડન્ડ સંબંધી નિર્ણયનો એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે.'' આ પ્રકારના નિર્ણયને અસર કરતાં કોઈ છ પરિબળોને ટૂંકમાં સમજાવો.

**29** 'A Channel of distribution refers to the vital links connecting the manufacturers and producers and the ultimate consumers/users'. Based on the statement, state the functions of Channels of distribution. **6**

'એક વિતરણ માધ્યમ નિર્માતા, ઉત્પાદક અને અંતિમ ગ્રાહક / વાપરનારને સાંકળતી એક અત્યાવશ્યક (મહત્ત્વપૂર્ણ) કડી છે.' આ વિધાનના આધાર પર વિતરણ માધ્યમનાં કાર્યોનો ઉલ્લેખ કરો.

**OR / અથવા**

'For successful selling the salesperson usually goes through a selling process which involves certain steps'. State these steps before the delivery of goods are ensured.

'સફળતાપૂર્વક વેચાણ માટે વેચાણકર્તા સામાન્ય રીતે એક વેચાણ પ્રક્રિયા અપનાવે છે, જેના કેટલાક તબક્કા હોય છે.' વસ્તુઓની સોંપણી નિશ્ચિત કર્યા પહેલાં આ તબક્કાઓનો ઉલ્લેખ કરો.

**30** 'Retailing these days aims at earning profit by offering customers more choice, more convenience and better facilities'. In the light of the statement, describe any four recent trends that you may have observed in retailing. **6**

'આજના જમાનામાં છૂટક વેપારીઓનો હેતુ ગ્રાહકોને વધુ પસંદગીની તક, વધુ અનુકુળતાઓ અને સારી સુવિધાઓ આપીને નફો મેળવવાનો છે.' આ વિધાનના સંદર્ભમાં છૂટક વેપારમાં તમે જોયેલ કોઈ ચાર આધુનિક વલણોનું વર્ણન કરો.

**OR / અથવા**

Identify and state the consumer rights as provided under the Consumer Protection Act 1986, that have been violated in the following cases :

(i) Mohan, a local retailer compelled Kamal to buy edible oil available in his shop.

(ii) A chemist sold cough syrup with expiry date over to an old woman.

(iii) A bottle of toilet cleaner containing acid was sold without a proper seal.

નીચેના કિસ્સાઓમાં ગ્રાહક સુરક્ષા કાયદો, 1986 અંતર્ગત આપવામાં આવેલ ગ્રાહકોના જે અધિકારોનું ઉલ્લંઘન થયું છે તેની ઓળખ કરો અને ઉલ્લેખ કરો :

(i) એક સ્થાનિક છૂટક વેપારી મોહને કમલને તેની દુકાનમાંનું ખાવાનું તેલ ખરીદવા માટે દબાણ કર્યું.

(ii) એક વૃદ્ધ મહિલાને દવાની દુકાન (કેમિસ્ટ) વાળાએ અંતિમ તારીખ વીતી ગઈ હોય તેવી ખાંસીની દવા વેચી.

(iii) એસિડવાળું ટોઈલેટ ક્લિનર એક બાટલીમાં વેચવામાં આવ્યું જેનું ઢાંકણું યોગ્ય રીતે સીલ કરેલ નહોતું.